Seat No. : ______________

# NJ-120

**November-2025**

**B.A., Sem.-V**

**DSC-M-355 : Gujarati**

**(A : Basic Introduction to Gujarati Language)**

**(NEP 2020)**

**Time : 2:00 Hours]** **[Max. Marks : 50**

1. માનવ વ્યવહારમાં ભાષાનું સ્થાન જણાવી, તેની ઉપયોગિતાનો વિગતે પરિચય કરાવો. **10**

**અથવા**

1. ભાષાની વ્યાખ્યા જણાવી, તેના સ્વરૂપગત લક્ષણોનો વિગતે પરિચય કરાવો. **10**

2. ભાષા વ્યવસ્થાના વિવિધ સ્તરો જણાવી, ધ્વનિ અને રૂપનો પરિચય કરાવો. **10**

**અથવા**

2. કોઈ બે વિષય નોંધ લખો : **10**
   (1) ગુજરાતી ભાષાના ઉચ્ચારણની પ્રક્રિયા
   (2) ગુજરાતી ભાષાના ધ્વનિઘટકો
   (3) ગુજરાતી ભાષાના ઉપધ્વનિ ઘટકો

3. માન્ય ભાષા અને બોલીનો ભેદ સ્પષ્ટ કરી, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની બોલીઓની લાક્ષણિકતા જણાવો. **10**

**અથવા**

3. કોઈ બે વિશે નોંધ લખો : **10**
   (1) દક્ષિણ ગુજરાતની બોલીઓ
   (2) પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ
   (3) ચરોતરી બોલીની લાક્ષણિકતાઓ

4. ભારતના ભાષાકુળો જણાવી, ભારત-યુરોપિયથી ભારતીય આર્ય સુધીના ભાષા વિકાસનો પરિચય કરાવો. **10**

**અથવા**

4. કોઈ બે વિશે ટૂંકનોંધ લખો : **10**
   (1) સંયુક્ત વ્યંજનનો લોપ તથા પૂર્ણસ્વર દીર્ઘત્વ
   (2) અઈ-અય તથા અઉ-અવનું પરિવર્તન
   (3) સ્વર મધ્યવર્તી ક, ગ, ચ, જ, ત, દનો લોપ

5. કોઈપણ **દસ** હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર જણાવો : **10**

(1) કયા શાસ્ત્રથી ભાષાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે ?
(અ) ખગોળ વિજ્ઞાન (બ) ભાષા વિજ્ઞાન (ક) રસાયણ વિજ્ઞાન

(2) ભાષાને કોની નીપજ ગણવામાં આવી છે ?
(અ) દેવત્વ સમાજ (બ) માનવ સમાજ (ક) વૈજ્ઞાનિક સમાજ

(3) સંસ્કૃત ભાષામાંથી કઈ ભાષા ઉદ્‌ભવી ?
(અ) અંગ્રેજી (બ) ફારસી (ક) પ્રાકૃત

(4) ગુજરાતી ભાષાનો જન્મ કઈ ભાષામાંથી થયો છે ?
(અ) સંસ્કૃત (બ) પ્રાકૃત (ક) જૂની ગુજરાતી

(5) ભાષામાં ધ્વનિ એટલે શું ?
(અ) સંકેત પ્રક્રિયા (બ) નાદ પ્રક્રિયા (ક) ઉચ્ચારણ પ્રક્રિયા

(6) ધ્વનિ ઘટકોને અંગ્રેજીમાં શું કહેવાય ?
(અ) Phonem (બ) Morphology (ક) Phonology

(7) નાદતંત્રીના કંપનથી કઈ ધ્વનિઓ પ્રગટ થાય છે ?
(અ) ઘોષ (બ) અઘોષ (ક) પ્રતિકોષ

(8) સ્પર્શી સંઘર્ષી ધ્વનિ ઘટક જણાવો.
(અ) 'ચ' (બ) 'ક' (ક) 'ઘ'

(9) કંઠ્ય નાસિકા વ્યંજન જણાવો.
(અ) 'મ' (બ) 'ન' (ક) 'ઙ'

(10) માન્ય ગુજરાતી ભાષામાં સાદા સ્વરની સંખ્યા કેટલી છે ?
(અ) આઠ (બ) નવ (ક) દસ

(11) ભાષાનું કયું ઘટકતત્ત્વ અસંગઠિત છે ?
(અ) બોલીકોશ (બ) શબ્દકોશ (ક) ભાષાકોશ

(12) ગુજરાતની કઈ બોલીમાં બહુવચનનો પ્રત્યય લગાડવાનું વલણ જોવા મળે છે ?
(અ) સૌરાષ્ટ્રી (બ) પટ્ટણી (ક) ચરોતરી

---

Seat No. : _______________

# NJ-120

**November-2025**

**B.A., Sem.-V**

**DSC-M-355 : Gujarati**

**(B : સમુદ્રાન્તિકે – ધ્રુવ ભટ્ટ)**

**(NEP)**

**Time : 2:00 Hours]** **[Max. Marks : 50**

1. નવલકથાનું સ્વરૂપ સમજાવી તેના લક્ષણોનો પરિચય કરાવો. **10**

અથવા

1. નવલકથાનો ઉદ્‌ભવ જણાવી ક.મા. મુનશી, પન્નાલાલ પટેલ અને ધ્રુવ ભટ્ટનું નવલકથામાં પ્રદાન જણાવો. **10**

2. 'સમદ્રાન્તિકે'ને નવલકથા તરીકે મૂલવો. **10**

અથવા

2. 'સમુદ્રાન્તિકે' નવલકથાના કથાવસ્તુનો પરિચય કરાવો. **10**

3. ટૂંકનોંધ લખો : (ગમે તે બે) **10**
   (1) 'સમુદ્રાન્તિકે' શીર્ષકની યથાર્થતા
   (2) કથાનાયક – નું પાત્રાલેખન
   (3) 'સમુદ્રાન્તિકે' આરંભ અને અંત
   (4) અવલનું પાત્રાલેખન

4. વિચાર-વિસ્તાર કરો : (ગમે તે બે) **10**
   (1) સાહિત્ય એ જીવનનું પ્રતીક છે.
   (2) વર્તમાન એવો વાવો,
   કે ભવિષ્ય અદ્‌ભૂત ઉગે.
   (3) પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી,
   હું માનવી માનવ થાઉં તો ઘણું.
   (4) ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું, મસ્તક ને હાથ,
   બહુ દઈ દીધું નાથ ! જા ચોથું નથી માગવું

5. વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : (ગમે તે દસ) **10**
   (1) ધ્રુવ ભટ્ટના પિતાશ્રીનું નામ જણાવો.
   (અ) પ્રબોધરાય (બ) મધુસુદન
   (ક) અમ્રતલાલ (ડ) રામલાલ

(2) અંગ્રેજી ‘Novel’ શબ્દ કયા લેટીન શબ્દ પરથી ઉતરી આવ્યો છે ?

(અ) NOVOS (બ) NOVIS

(ક) NOVES (ડ) NOVUS

(3) ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા કઈ છે ?

(અ) કરણઘેલો (બ) મળેલાજીવ

(ક) સધરાજેસંગ (ડ) જનમટીપ

(4) ‘સરસ્વતીચંદ્ર’ નવલકથાના સર્જકનું નામ જણાવો.

(અ) પન્નાલાલ (બ) ગોવર્ધનરામ

(ક) મધુરાય (ડ) દર્શક

(5) ‘સમુદ્રાન્તિકે’ નવલકથાનાં કુલ કેટલા પ્રકરણો છે ?

(અ) 25 (બ) 27

(ક) 28 (ડ) 26

(6) કથાનાયક સમુદ્ર તટે કયા સરકારી કામકાજ અર્થે જાય છે ?

(અ) વન માપણી (બ) દરિયાઈ માપણી

(ક) પાણી માપણી (ડ) જમીન-માપણી

(7) વિષ્નો કોનો દીકરો છે ?

(અ) અવલનો (બ) ક્રિષ્નાનો

(ક) નૂરભાઈનો (ડ) સબૂરનો

(8) હાદાભટ્ટની હવેલી તરીકે કોને કહેવાય છે ?

(અ) રુકમી પાણો (બ) એસ્ટેટ બંગલો

(ક) શ્યાલબેટ (ડ) એકલ હનુમાન

(9) સબુરને હમેશાં શું લેવાની ઝંખના છે ?

(અ) હોડી (બ) ઘોડી

(ક) જમીન (ડ) સાયકલ

(10) દરિયામાં આવનાર તોફાન બાબતે કોણ કથાનાયકને સાવચેત કરે છે ?

(અ) સબુર (બ) બાવાજી

(ક) નૂરભાઈ (ડ) અવલ

(11) કથાનાયક સમુદ્રતટે અશ્વસવારી કરે છે તે અશ્વનું નામ જણાવો.

(અ) કાબરો (બ) કબીર

(ક) કબીરો (ડ) કાફરો

(12) દીવાદાંડી સાફ કરવાનું કામ કયું પાત્ર કરે છે ?

(અ) નવલરામ (બ) સીતારામ

(ક) દયારામ (ડ) હલદીરામ